





## પરીક્ષા કેન્દ્ર બહાર વાલીઓની ભારે ભીડ

સમગ્ર ગુજરાતમાં ધોરણ-૧૦ અને ૧૨ ની બોર્ડની પરિક્ષાનો પ્રારંભ થઈ ગયો છે. પેપરના પ્રથમ દિવસે જ પરિક્ષા કેન્દ્રો બહાર વાલીઓની ભારે ભીડ જોવા મળી હતી. વિદ્યાર્થીઓ વર્ગ ખંડમાં પરિક્ષામાં માટે બસી ગયા બાદ પણ વાલીઓ કેન્દ્રની બહાર નજરે પડતા હતા. પરિક્ષાનો માહોલ આગામી દિવસોમાં બરાબરનો જામશે. જ્યારે પરિક્ષાના સમયમાં શાળાઓની આસપાસ ટ્રાફિકજામના દ્રશ્યો પણ સર્જાયા હતા. ઉનાળાની ગરમીમાં વાલીગણ છાયડાની શોધમાં હતા, જ્યારે કેટલાક વાલીઓએ સ્થાનિક નાગરીકોના ઘરના દરવાજા પણ ઠંડા પાણી માટે ખખડાવ્યા હતા. પરિક્ષા કેન્દ્રની આસપાસ ચા-નાસ્તાની લારીધારકોને વેપારમાં મોજ પડી ગઈ હતી. વાલીઓ પણ વિદ્યાર્થીઓની જેમ સેન્ડવીચ, દાબેલી, વડાપાઉં સહિત વિવિધ નાસ્તા પેકેટ ખરીદી કરતા નજરે પડ્યા હતા.તો બીજીતરફ ઠંડા પીણાની ખરીદી માટે વાલીઓએ કિલોમીટર સુધી દોટ લગાવવી પડી હતી. તો બીજીતરફ પરિક્ષા વિદ્યાર્થીઓની અને કસોટી વાલીઓની થતી હોય તેવું લાગી રહ્યું હતું. જ્યારે વાલીગણે ત્રણ કલાક જેટલો સમય કોઈ સગા કે સ્નહીજનના ઘરે તેમજ વૃક્ષની નીચે છાયડામાં બેસીને વિતાવ્યો હતો. જ્યારે કેટલાક વિદ્યાર્થીઓ દુરથી આવ્યા હોવાથી તેમના વાલીઓએ તો શાળાની પાસે જ અડીંગો જમાવ્યો હતો.

# રાંધેજામાં બે જુથ વચ્ચે મારામારી

## પોલીસના વાહન પર હુમલો, એક જવાનને ઈજા, ત્રણ પોલીસ ફરિયાદ નોંધાઈ, ગામમાં પોલીસનો સઘન બંદોબસ્ત

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર-માણસા માર્ગ પર આવેલ રાંધેજા ગામમાં તાલુકા પંચાયતની ચુંટણીની અદાવતમાં ગઈકાલે સાંજે રબારી અને પટેલ કોમના બે જુથ સામસામે આવી જઈને લાકડીઓ તેમજ હથિયારો સાથે હુમલો કર્યો હતો. બનાવની જાણ પેથાપુર પોલીસને થતા તાત્કાલીક ઘટના સ્થળે પહોંચી જતા પોલીસના વાહનોમાં પણ ટોળાએ તોડફોડ કરીને આતંક મચાવ્યો હતો. પોલીસ પર પણ હુમલો કરતા એક જવાનને ઈજા પહોંચી હતી. આ બનાવને પગલે પોલીસનો મોટો કાફલો રાંધેજા ગામમાં ઉતારી દીધો હતો. પેથાપુર પોલીસે બંન્ને કોમના ૧૮ ગ્રામજનો સામે નામજોગ ગુનોં નોંધી તેમની ધરપકડ કરી હતી. રાંધેજા ગામમાં હાલ તણાવભરી પરિસ્થિતિ વચ્ચે પોલીસનો ચાંપતો બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

ગાંધીનગર તાલુકા પંચાયતની ચુંટણીના પરિણામ બાદ પણ ધણપ ગામમાં બે જુથ વચ્ચે પથ્થરમારાની ઘટના બની હતી. ત્યારબાદ રાંધેજા ગામમાં પણ આવી સ્થિતિ ઉદભવે તેવી આશંકાને પગલે પેથાપુર પોલીસે ગામમાં ચોવીસ કલાક ચાંપતો બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. ત્યારે ગઈકાલે સાંજના સુમારે પટેલ અને રબારી કોમના જુથો ચુંટણીની અદાવતને લઈને સામસામે આવી ગયા હતા. હાથમાં ધારીયા, લાકડીઓ સાથે મારામારી શરુ થતા ગામ સમરાંગણમાં ફેરવાઈ ગયું હતું. ત્યાં હાજર પોલીસનો કાફલો બનાવ સ્થળે પહોંચી જતા પોલીસના વાહનો પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. આ પથ્થરમારાની ઘટનામાં પોલીસના એક જવાનને ઈજા પહોંચી હતી.ત્યારબાદ જિલ્લા પોલીસ કંટ્રોલ રૂમને જાણ કરવામાં આવતા પોલીસની અન્ય ટીમો પણ રાંધેજા પહોંચી ગઈ હતી. ગામમાં પરિસ્થિતિ પર તાત્કાલીક અસરથી કાબુ મેળવી ગામમાં શાંતિ સ્થાપિત કરી દીધી હતી. ત્યારે પેથાપુર પોલીસ પર હુમલામાં ૧૯ નાગરીકો સામે પોલીસે સરકારી અમલદાર પર હુમલો સહિતની કલમો નોંધીને તપાસ શરુ કરી હતી. જે પૈકી ૧૮ નાગરીકોની ધરપકડ કરી હોવાનું જાણવા મળી રહ્યું છે. હાલમાં પણ ગામમાં અજંપાભરી સ્થિતિ છે જેને પગલે પોલીસે ચાંપતો પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો છે. તો બંન્ને પક્ષોએ પણ સામસામે ફરિયાદો નોંધાવતા પોલીસે તે સંદર્ભે પણ ગુનોં નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### સાબરમતિ જેલમાં ૧૦ ને ધકેલાયા

પેથાપુર પોલીસે આ દિશામાં ઝડપી કાર્યવાહી કરીને જગદીશ પટેલ, રૂત્વીજ પટેલ, લાલા પટેલ, પ્રભાકર પટેલ, હસમુખ પટેલ, અમરત પટેલ, લાખા લાલા પટેલ, મોહન રબારી, લાભુ રબારી તથા તેજમલ રબારી નામના ઈસમોને ઝડપી લીધા હતા અને આરોપીઓને કોર્ટમાં રજુ કરતા કોર્ટે તમામ આરોપીઓને જયુડીશીયલ કસ્ટડીમાં સાબરમતી જેલમાં મોકલી આપ્યા છે.

### પોલીસે ૧૯ સામે નામજોગ ગુનો દાખલ કર્યો

રાંધેજા ગામે થયેલ જુથ અથડામણમાં પોલીસની ફરિયાદમાં પરેશ પટેલ, જીનલ પટેલ, જગદીશ પટેલ, રૂત્વીજ.જે. પટેલ, ઈશ્વર એ પટેલ, પ્રભાકર એ પટેલ, હસમુખ વી પટેલ, દિનેશ પટેલ, પ્રફુલ એસ પટેલ, અમરત પી.પટેલ, ભાવેશ ટી રબારી, મોહન એલ રબારી, લાભુ એલ રબારી, અમરત કે રબારી, કાનજી બી રબારી, તથા રામજી એન રબારીના નામ નોંધ્યા છે.

# નર્સિંગના કર્મચારીઓએ પગાર મુદ્દે કલેકટરને આવેદન પાઠવ્યું

ગાંધીનગર, તા.૧૨

નર્સિંગ છાત્ર સંગઠન ભારત અને ઓલ ગુજરાત નર્સિંગ યુનિયનના નેજા હેઠળ આજે સવારે સે-૧૧ રામકથા મેદાન ખાતે રાજયભરમાંથી નર્સિંગના કર્મચારીઓ ઉમટી પડ્યા હતા. ૫૦ યુનિયનના નેજા હેઠળ સેકટર-૧૧ રામકથા મેદાન ખાતે રાજયભરમાં વિવિધ હોસ્પિટલમાં ફરજ બજાવતા ૨૦૦ થી વધુ કર્મચારીઓ પગાર મુદ્દે એકઠા થયા હતા. આ અંગે ઓલ ગુજરાતના નર્સિંગ યુનિયનના પ્રમુખ વિપુલસિંહ નર્સિંગ સ્ટાફ કરતા ૧૦ ટકા ઓછો હોવો જોઈએ.

જો ૫૦ થી ૧૦૦ બેડવાળી હોસ્પિટલ હોય તો તે હોસ્પિટલમાં નર્સિંગ સ્ટાફનો પગાર રાજય સરકારની હોસ્પિટલમાં કામ કરતા નર્સિંગ સ્ટાફ કરતા ૨૫ ટકા ઓછો



બેડવાળી તેમજ તેનાથી ઓછા બેડવાળી હોસ્પિટલમાં પણ નર્સિંગ સ્ટાફનો પગાર ઓછામાં ઓછો રૂ.૨૦,૦૦૦ હોવો જોઈએ. તેવો દોઢ વર્ષ પહેલા સુપ્રિમ કોર્ટ દ્વારા આદેશ કરવામાં આવ્યો છે. તેમ છતા નર્સિંગના કર્મચારીઓનો પગાર ન વધતા આજે રાજયભરમાંથી એકઠા થયેલા ૨૦૦ જેટલા કર્મચારીઓએ જિલ્લા કલેકટરને આવેદન પત્ર આપી પગાર મુદ્દે યોગ્ય કરવા રજુઆત કરાઈ છે.

ઓલ ગુજરાત નર્સિંગ ચાવડાના જણાવ્યા મુજબ ખાનગી હોસ્પિટલમાં નર્સિંગ સ્ટાફના કર્મચારીનો પગાર રૂ.૨૦ હજાર હોવો જોઈએ. જો ૨૦૦ બેડ અથવા એમાથી વધારે બેડવાળી હોસ્પિટલ હોય ત્યાં નર્સિંગ સ્ટાફનો પગાર તે રાજયની સરકારી હોસ્પિટલમાં નોકરી કરતા નર્સિંગ સ્ટાફની સમાન હોવો જોઈએ, જો ૧૦૦ થી ૨૦૦ બેડવાળી હોસ્પિટલ હોય તો તે હોસ્પિટલમાં નર્સિંગ સ્ટાફનો પગાર રાજય સરકારની હોસ્પિટલમાં કામ કરતા હોવો જોઈએ. ખાનગી હોસ્પિટલમાં કામ કરતા નર્સિંગ સ્ટાફને આરોગ્ય સુવિધા, કાર્ય કરવાનો સમય, રજાઓ પરિવહન, સુવિધા રહેવા માટેની સુવિધા વગેરે રાજય સરકારની હોસ્પિટલમાં કામ કરતા નર્સિંગ સ્ટાફની સમાન હોવું જોઈએ. ત્યારે આજે નર્સિંગના કર્મચારીઓએ સે-૧૧ રામકથા મેદાન ખાતેથી રેલી સ્વરુપે જઈને કલેકટર કચેરી ખાતે પહોંચીને કલેકટરને પગાર મુદે આવેદન પત્ર પાઠવી રજુઆત કરી હતી.

# સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૧૮-૧૯ અંતર્ગત વાવોલ ગામમાં વિશેષ જનસંપર્ક કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૮

ક્ષેત્રીય પ્રચાર કાર્યાલય, પાલનપુર દ્વારા આપણા શહેરને સ્વચ્છ બનાવવા માટે લોકભાગીદારી વધારવા ગાંધીનગર જિલ્લાના વાવોલ ગામ ખાતે ક્ષેત્રીય પ્રચાર નિર્દેશાલય અમદાવાદનાં નિર્દેશક શ્રી મનીષ ગૌતમનાં અધ્યક્ષસ્થાને વિશેષ જનસંપર્ક કાર્યક્રમ યોજાઈ ગયો.

આ કાર્યક્રમમાં ગ્રામજનોને ગાંધીનગર શહેરને સ્વચ્છ સર્વેક્ષણમાં પ્રથમ ક્રમાંક અપાવવા માટે પોતાની જવાબદારી તથા સેવાભાવનાથી સર્વેક્ષણનાં વિવિધ માપદંડોની માહિતી આપવામાં આવી હતી. જેમાં ગાંધીનગર જિલ્લાનાં સ્વચ્છ ભારતનાં એમ્બેસેડર શ્રી જનક ઠક્કર તથા ડો.વિરલ ઠક્કર સહિત ઓલ ઈન્ડિયા રેડિયો, અમદાવાદનાં સહાયક નિર્દેશક શ્રી ભરત દેવમણિએ નાગરિકોને સ્વચ્છતા અંગે જાણકારી આપીને જાગૃત કર્યા હતા.

આ ઉપરાંત કાર્યક્રમમાં નાટ્ય પ્રસ્તુતિ, વકતૃત્વ સ્પર્ધા, રમત-ગમત સ્પર્ધા, સ્વચ્છ ભારત એપ્લિકેશનનું નિદર્શન, સાફલ્યગાથા તથા સ્વચ્છ ભારત અભિયાનમાં લોકોની વિશેષ ભૂમિકાની સરાહના કરતી પ્રવૃત્તિઓ યોજાઈ હતી. આ પ્રવૃત્તિઓમાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને ક્ષેત્રીય પ્રચાર એકમ પાલનપુર દ્વારા પ્રોત્સાહક પારિતોષિકનું વિતરણ કરવામાં આવ્યું હતું.



આ પ્રસંગે ઉપસ્થિત નાગરિકોને સ્વચ્છતા અંગે શપથ લેવડાવવામાં આવ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ક્ષેત્રીય પ્રચાર અધિકારી શ્રી જે.ડી.ચૌધરી તથા તેમના સહયોગીઓએ ત્રણ દિવસ સુધી વિવિધ ગામોમાં પ્રચારની કામગીરી કરવામાં આવી હતી.

# રાજ્યમાં વિદ્યાસહાયકોની ૧૩ હજાર ખાલી જગ્યાઓ ભરવા રજૂઆત

ગાંધીનગર, તા. ૧૨

સમગ્ર રાજ્યની પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૬ થી ૮માં વિદ્યાસહાયકોની ૧૩થી પણ વધારે જગ્યાઓ ખાલી છે. પરિણામે બેરોજગાર પીટીસી, બીએડના ઉમેદવારોએ રાજ્ય સરકારને સત્વરે ભરતી કરવા માટે લેખિતમાં રજૂઆત કરી છે.

બેરોજગાર નોકરી મેળવવા ઈચ્છુક ઉમેદવારે પોતાની રજૂઆતમાં જણાવ્યુ હતુ કે આરટીઆઈમાં મળેલી વિગતો પ્રમાણે ગણિત અને વિજ્ઞાન વિષયના શિક્ષકની ૪૩૭૭, ભાષાના શિક્ષકની ૫૮૨૮ તથા સામાજિક વિજ્ઞાનના શિક્ષકોની ૩૫૦૯ આમ કુલ મળીને ૧૩૭૦૮ શિક્ષકોની જગ્યાઓ ખાલી છે માટે ખાલી જગ્યાના ૬૦ ટકા બેઠકો છે. એટલે કે ૮ થી ૯ હજાર જગ્યાઓની ભરતી સત્વરે કરવી જોઈએ. ૧૩,૭૦૮ શિક્ષકોની જગ્યાઓ ખાલી પડી હોય તો રાજ્યના પોણા પાંચ લાખ ગરીબ અને મધ્યમ વર્ગના બાળકો સાથે મોટો અન્યાય કરવામાં આવી રહ્યો હોવાનું ઉમેદવારો જણાવી રહ્યા છે. માટે સરકાર દ્વારા સત્વરે યોગ્ય નિર્ણય લઈ વિદ્યાસહાયકોની ભરતી કરવાની કાર્યવાહી હાથ ધરે તેવુ ઉમેદવારોએ રજૂઆત કરી છે.

# સરકારી આર્ટસ-કોમર્સ કોલેજમાં ૪૬ જગ્યાઓ ખાલી પડેલી છે

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લામાં આવેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજો જે આવેલી છે તેમાં ખાલી જગ્યાઓનો પ્રશ્ન આજે વિધાનસભાગૃહમાં ચમક્યો હતો.

બોચરાજીના ધારાસભ્ય ભરતજી ઠાકોરે આ અંગે પુછેલા પ્રશ્નના લેખિત ઉત્તરમાં શિક્ષણમંત્રીશ્રીએ જણાવ્યું છે કે સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજમાં વર્ગ-૧ થી ૪ની ૧૦૭ મંજૂર કરાયેલ જગ્યાઓમાં ૪૬ જગ્યાઓ ખાલી પડી છે.

જ્યારે ગ્રાન્ટેડ કોલેજોમાં આચાર્યની ૨ સહાયક અધ્યાપકની પાંચ મળી ૭ જગ્યા ખાલી પડી છે. ગ્રાન્ટેડ કોલેજોમાં બિન શૈક્ષણિક સંવર્ગની ૭૮ જગ્યાઓ ખાલી પડી છે.

સરકારે પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે આ ખાલી જગ્યાઓ વહીવટીય પ્રક્રિયા પૂર્ણ થયેથી ભરવામાં આવશે.

# પીડીપીયુમાં 'ઈજનેરી સંચાલન ક્ષેત્રે ભારતીય દૃષ્ટિકોણ' સંદર્ભે અભ્યાસક્રમનો પ્રારંભ

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરની પંડિત દિનદયાલ ઉપાધ્યાય પેટ્રોલિયમ યુનિવર્સિટીની ઓફિસ ઓફ ઈન્ટરનેશનલ રિલેશન્સ તથા સ્કૂલ ઓફ ટેકનોલોજી દ્વારા 'સ્ટડી ઈન ઈન્ડિયા એક્સ્પોઝર પ્રોગ્રામ' અંતર્ગત ચતુર્થ અભ્યાસક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ અભ્યાસક્રમનો 'એન્જિનીયરીંગ મેનેજમેન્ટ ફ્રોમ ઈન્ડિયન પરસ્પેક્ટિવ ફોર લામાર યુનિવર્સિટી-યુએસએ' વિષયે તા. ૯ માર્ચથી પ્રારંભ કરાયો છે જે તા. ૧૮મી માર્ચ સુધી ચાલશે.

વિશ્વભરની ખ્યાતનામ યુનિવર્સિટીઓ સાથે સહયોગ સાધી તેમના વૈવિધ્યસભર અભ્યાસક્રમોને ભારતમાં જ શિખવી શકાય તેવા હેતુથી પીડીપીયુ ખાતે 'સ્ટડી ઈન ઈન્ડિયા એકસ્પોઝર પ્રોગ્રામ' ચલાવવામાં આવે છે અમેરિકાની લામાર યુનિવર્સિટી એન્જિનીયરીંગ મેનેજમેન્ટ ક્ષેત્રે કાર્યરત છે. અને આ ક્ષેત્રે અભ્યાસક્રમમાં શૈક્ષણિક બાબતો ઉપરાંત નિષ્ણાંત તજજ્ઞોના વકતવ્યો, સંબંધિત ઔદ્યોગિક પ્રવાસો, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વગેરેને આવરી લેવામાં આવે છે. આ અભ્યાસક્રમ વિદ્યાર્થીઓને સંસ્કૃતિ અને સંવાદના પાસાઓને સુપેરે સમજાવે છે. આ અભ્યાસક્રમને બોશ રેકસ્રોથ સહિત જીપીસીએલ, સિધ્ધિ એન્જિનીયર્સ, અક્ષયપાત્ર ફાઉન્ડેશન, સીપેટ, ઈડીઆઈ તેમ રાય યુનિ. જેવા એકમોના નિષ્ણાંતો સરળ બનાવે છે. અભ્યાસક્રમનું સાંસ્કૃતિક પાસું મોઢેરા સૂર્યમંદિર, અડાલજની વાવ, સાબરમતી આશ્રમ, અમદાવાદ હેરીટેજ વૉક વગેરેની મુલાકાતોને આવરી લે છે.




# વિશ્વ મહિલા દિને આદિવાડા ખાતે મેડિકલ કેમ્પ યોજાયો

ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ બ્રાન્ચ અને મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ અને અર્બન હેલ્થ સેન્ટર, સે. ૨૯ના સંયુક્ત ઉપક્રમે વોર્ડ નં. ૧ના આદીવાડા મુકામે બપોરે નિઃશુલ્ક મેડીકલ કેમ્પ યોજાયો હતો. જેમાં રેડક્રોસના ડૉ. એકતાબેન પટેલ દ્વારા ૧૯ સ્ત્રી દર્દી તપાસ્યા, ૨ દર્દીને ઓપરેશન જણાતા ક્ષારસુત્રથી તેઓની હોસ્પીટલ ખાતે વિનામુલ્યે ઓપરેશન માટે તારીખ આપી હતી. ડૉ. હાર્દિક તલાટી (ફીઝીયોથેરાપીસ્ટ) ૨૮ દર્દીઓને કમર-પગ-હાથ અને અન્ય અંગોના દુઃખાવા વાળાને તપાસ્યા અને કસરત કેવી રીતે કરવી તેની સલાહ આપી અને તેઓની હોસ્પિટલ જઈ સારકવાર લે તો મફત સારવાર માટેના કાર્ડ આપ્યા હતા. જનરલ ૧૫૩ દર્દીઓ ડૉ. કીંજલ એમ. પટેલ ડૉ. સુકેતુ શાહ (બાળરોગ નિષ્ણાંત), ડૉ. નિશાબા (ગાયનેક), ડૉ. નેહાબેન અને ખ્યાતીબેને સેવા આપી હતી. તેજ આઈ સેન્ટરની ટીમે ૨૨૭ આંખના દર્દીઓને તપાસી દવા અને આંખના ટીપાં આપ્યા. જરૂરિયાતવાળા ૨૧ દર્દીઓને રેડક્રોસ તરફથી મફત ચશ્મા આપવામાં આવ્યા. કર્ણાવતી ડેન્ટલ હોસ્પિટલથી ૧૧નો સ્ટાફ હાજર રહી ૧૩૯ દર્દીને તપાસી દવા આપી વધુ સારવાર માટે હોસ્પિટલ મફત સારવાર આપી શકાય તેના માટે કેસ પેપર પર લખેલ ખાસ વિશેષ વિશ્વ મહિલા દિન નિમિત્તે સાવ નાના બાળકોને ડીપર તથા ઝભલા-૨૦૦ નંગ, સગર્ભા બહેનોને પૌષ્ટિક આહાર તરીકે સુખડી, કુપોષિત બાળકોને ખજૂર, નવી જન્મેલ દિકરીઓને નવા કપડાં, કોર્પોરેટર હર્ષાબા ધાધલ, સરીતાબેન ગોંડલીયા તથા ઈન્દુબેન પટેલ તરફથી આપવામાં આવ્યા હતા.

## સાહિત્ય સભાના પૂર્વ પ્રમુખ બળવંતભાઈ પટેલનું અવસાન

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરના નિવૃત્ત કાર્યપાલક ઈજનેર બી.વી. પટેલનું ગઈકાલે દુઃખદ અવસાન થયુ છે. સ્વ. બી.વી. પટેલે કેપીટલ પ્રોજેકટમાં કાર્યપાલક ઈજનેર તરીકે લાંબા સમય સુધી સેવા આપી હતી. સ્વ. બી.વી. પટેલે ગાંધીનગર સાહિત્ય સભાનું પ્રમુખપદ પણ સંભાળ્યુ હતુ.

આ ઉપરાંત સાર્વ. ગણેશોત્સવ સમિતિ, લાયન્સ કલબ સહિતની સ્વૈચ્છીક સંસ્થાઓ સાથે પણ સંકળાયેલા હતા. તેઓ ગાંધીનગર શહેર ભાજપના પૂર્વ પ્રમુખ સુનીલ પટેલના પિતા થાય. સ્વર્ગસ્થની અંતિમ યાત્રામાં સ્વૈચ્છીક સંસ્થાના આગેવાનો, કર્મચારીઓ, અગ્રણી વેપારીઓ, અગ્રણી ઈજનેરો, સાહિત્યકારો મોટી સંખ્યામાં જોડાયા હતા.




## ચિલોડા ખાતે સ્વચ્છતા રથનું સ્વાગત

ગાંધીનગર તાલુકાના પ્રવેશદ્વાર સમાન ચિલોડા ચાર રસ્તા ખાતે મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત સ્વચ્છતા રથનું આગમન રાજીવ ભવન કચેરીએ થતા ગામની બાલિકાઓ દ્વારા કુમકુમ તિલક કરી હરખભેર સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે ગ્રામ પંચાયતના સરપંચ વસુમતી બહેન પટેલ,ગામના અગ્રણી દિનેશભાઈ પટેલ, ગ્રામ પંચાયતના સભ્ય નટુભાઈ પટેલ, રાકેશભાઈ પટેલ, તલાટી કમ મંત્રી કાન્તિભાઈ તેમજ લાયઝન અધિકારી વગેરે હાજર રહ્યા હતા. આ પ્રસંગે દ્રશ્ય-શ્રાવ્ય સાધનો દ્વારા સ્વચ્છતા અને યોજનાઓ વિશે જાણકારી આપી હતી.

## બ્રહ્મ સમાજ મહિલા પાંખ દ્વારા રમત-ગમતનું આયોજન

ગાંધીનગર, તા.૧૨

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા એક સુંદર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમા દરેક સમાજની મહિલા અને તમામ ઉંમર સુધીની મહિલાઓ ભાગ લઈ શકશે. આ કાર્યક્રમને અનુલક્ષી બહેનોને તેનું બાળપણ યાદ આવે તેવી રમતોનું આયોજન કરવામાં આવ્યું છે. મહિલા પાંખ દરેક મહિલાઓને આવકારે છે. જે પણ મહિલાઓએ બાળપણની યાદ તાજી કરવી હોય અને રમતોમાં ભાગ લેવો હોય તો લઈ શકે છે. ચાલો બચપણને યાદ કરીએ કાર્યક્રમ તા.૧૫ માર્ચને ગુરુવારના રોજ બપોરે ૧ થી ૫ કલાક દરમિયાન સેકટર-૧૬ બ્રહ્મભવન ખાતે યોજાશે.તેમ મહિલા પાંખના મહામંત્રી જ્ઞાનદેવીબેન ઉપાધ્યાય દ્વારા જણાવાયું છે.